## અમદાવાદ (ગ્રામ્ય) ના એડી. ચીફ જ્યુડીશ્યલ મેજીસ્ટ્રેટ સાહેબની કોર્ટમા, મુ.મીરઝાપુર, અમદાવાદ

---

ફોજદારી કેસ નં. 16918-2019
આંકઃ 11

ફરિયાદીઃ શ્રી સરકાર

વિરૂદ્ધ

આરોપીઓઃ
૧. વિજયભાઈ નાથુભાઈ પટેલ
૨. કૃણાલ દિનેશભાઈ સોલંકી
૩. મૌલીક રાજુભાઈ મકવાણા
૪. જનક નરેશભાઈ ઠકકર
૫. નીલ અશ્વિનભાઈ ચુડાસમા

**<u>ગુન્હોઃ જુગાર ધારા ની કલમ- 12 મુજબ</u>**

## :: ચુકાદો ::

(૧) ફરિયાદ પક્ષના કેસની ટૂંકમાં હકિકત એવી છે કે, **<u>તા.૨૩/૮/૨૦૧૯ ના રોજ કલાક ૪:૪૫ વાગ્યે પ્રથમ રેસીડન્સી ઈ બ્લોક</u>** આરોપીએ ગુન્હો કરેલ હોય, આરોપી વિરુધ્ધ ગુન્હાની ફરીયાદ નોંધી, તપાસ પૂર્ણ કરી આ અદાલતમાં જુગારધારાની કલમ-૧૨ મુજબ ગુન્હા અંગેનુ ચાર્જશીટ રજૂ કરેલ છે.

(૨) આરોપીને ફોજદારી કાર્યરીતિ સંહિતા, ૧૯૭૩ (સંહિતા) ની કલમ-૨૦૭ અન્વયે પોલીસ તપાસના કાગળોની નકલો પુરી પાડવામાં આવી, ત્યારબાદ આરોપીએ ગુન્હો કબુલ હોવાનું જણાવી અલગથી ગુન્હા કબુલાત પુરસીસ **આંક-૧૦** થી આપેલ છે. ત્યારબાદ સદર ગુન્હા સબંધેની આરોપીની પ્લી **આંક-૪ થી ૮** થી નોંધવામાં આવેલ છે. જેમાં પણ આરોપીએ ગુન્હો કબુલ હોવાનું જણાવેલ છે. આરોપીએ ગુન્હાની કબુલાત કોઈ પણ જાતના દબાણ વગર, સ્વેચ્છાએ કરેલ છે. તેની ખાતરી કરવામાં આવ્યા બાદ આરોપીની ગુન્હાની કબુલાત નોંધી આ કામે રેકર્ડ ઉપર લેવામાં આવેલ છે અને આરોપીને જુગારધારાની **કલમ-૧૨** મુજબના શિક્ષાપાત્ર ગુન્હા માટે તક્ષિરવાન ઠરાવવામાં આવે છે. આરોપીએ ગુન્હાનો એકરાર સ્વેચ્છીક રીતે કરેલ છે અને લેખીત તેમજ મૌખિક રજુઆત કરેલ છે કે તેઓ ગરીબ માણસ છે, પ્રથમ વખત ભૂલ થયેલ છે, કુટુંબ કબીલાવાળા માણસ છે, કુટુંબના ભરણપોષણની જવાબદારી તેમના ઉપર છે, ગુન્હો કરવા બદલ પસ્તાવો વ્યક્ત કરેલ છે તેમજ ફરી વખત આવો ગુન્હો નહિ કરવાની ખાતરી આપેલ છે. આથી દયા કરવા અરજ ગુજારેલ છે.

(૩) ફરિયાદ પક્ષ તરફથી એવું કોઇ રેકર્ડ રજૂ થયેલ નથી કે આરોપીએ અગાઉ ગુન્હો કરેલ હોય, જેથી આરોપીનો પ્રથમ ગુન્હો હોવાનું જણાય છે તેમજ કુટુંબની જવાબદારી તથા આરોપીએ કરેલ પશ્ચાતાપને ઘ્યાને લેતા તેમજ આરોપીએ આવા પ્રકારનો ગુન્હો નહિં કરવાની ખાતરી આપતા હોવાથી આરોપીને સુધરવાની તક આપવી જોઇએ. આવા સંજોગોમાં આરોપીની સામેનું તહોમત તેમજ ગુન્હાની ગંભીરતા અને સજાની જોગવાઇ તેમજ આરોપીની રજુઆત ઘ્યાને લીતા, આરોપીની વિરૂઘ્ઘ આ પ્રથમ પ્રકારનો હોય, ન્યાયનાં હીતમાં, નીચે મુજબનો હુકમ કરવામાં આવે છેઃ

**<u>હુકમ</u>**

આરોપીને ફોજદારી કાર્યરીતી સંહિતા, ૧૯૭૩ની કલમ–૨૫૨ અન્વયે જુગાર ધારાની **કલમ–૧૨** મુજબનાં ગુન્હામાં તકસીરવાન ઠરાવી પ્રત્યેક આરોપીને રૂ.૧૦૦/– (રૂપિયા એકસો પૂરા) નો દંડ કરવામાં આવે છે.

જો આરોપી દંડ ન ભરે તો, તેઓએ ત્રણ દિવસની સાદી કેદની સજા ભોગવવાની રહેશે.
મુદ્દામાલનો અપીલ સમય નિયમાનુસાર નિકાલ કરવાનો હુકમ કરવામાં આવે છે.

આરોપીના જામીન ખત અને જાત મુચરકા રદ કરવામાં આવે છે.

આજ રોજ તારીખ ૧૪ માહે–ડિસેમ્બર, સને–૨૦૧૯ નાં રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

તારીખઃ ૧૪/૧૨/૨૦૧૯
અમદાવાદ (ગ્રામ્ય)

(ટી.એચ.પંજાબી)
૫માં એડી.ચીફ .મેજીસ્ટ્રેટ ,
અમદાવાદ(ગ્રામ્ય), મિરઝાપુર.